**Extra No. 418**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVI ] MONDAY, DECEMBER 22, 2025 / PAUSHA 1, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૫

**શહેરા નગરપાલિકા, જિ. પંચમહાલની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ**

**ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-નપા-શહેરા-યુનિટ-૮-૨૦૨૫**

૧. ભારતના સંવિધાનના ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩(જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ની કલમ૬ ની પેટા-કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે, રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર, અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૦૯ થી નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો, ૧૯૯૪થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩ નો ગુજરાતનો ૧૭ મો) થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સંબંધે વોર્ડની સંખ્યા, કુલ બેઠકોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા (જે તે વર્ગની સ્ત્રીઓ સહિત) સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/377 of 2025 UDUHD/mea/e-file/18/2025/6340/M, તા. ૨૭/૧૦/૨૦૨૫ થી સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આંકડાના આધારે **શહેરા** નગરપાલિકા (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) ને **૭** વોર્ડોમાં વિભાજીત કરેલ છે અને કાઉન્સિલરોની કુલ **૨૮** બેઠકો નક્કી કરેલ છે. સદર જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ઉક્ત જાહેરનામાથી નક્કી થયેલ વોર્ડોની સંખ્યા તથા અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઇ મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪(વખતો વખત સુધાર્યા પ્રમાણે) (જેનો આમાં હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ધ્યાને લઇ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસતીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકે છે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ ના વસતી ગણતરી અધિનિયમ અન્વયે સને ૨૦૧૧ ના વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતી ૩૪૨૯૧ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડ દીઠ સરેરાશ વસતી ૪૮૯૮ ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈ પણ વોર્ડની વસતી સરેરાશ વસતીના ૧૦% વસતીના વધ/ઘટની મર્યાદાથી વધતી કે ઘટતી નથી.

૭. નિયમ-૩ ની જોગવાઈને ધ્યાનમાં રાખી શહેરના **૭** વોર્ડોનું આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલવેલાઈન, રોડ-રસ્તા વગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

૮. નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાંથી ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાં બે બેઠકો સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત)અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિન-અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/માપદંડ/ન.પા./જન(૧)/૧૨૨૦૧૪/ક થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો વસતીની ટકાવારીના ઉત્તરતા ક્રમમાં ખાસ ક્રમાંક નક્કી કરી બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમે આવતા વોર્ડમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારિત કરેલ છે.

૧૦. નગરપાલિકાઓની ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા રાજ્ય ચૂંટણી આયોગે આદેશ ક્રમાંક: રાચઆ/ચટણ/ન.પા./વારાફરતી/સ્થા.સ્વ./૧૪૦(૫)/૦૮૨૦૨૫/ક, તા. ૦૯/૦૯/૨૦૨૫થી નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડો નક્કી કરેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ ની વસતી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/વોર્ડના નામ મહદ્અંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે, નવા

સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા/નિયમોની જોગવાઈઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાની વોર્ડ સંખ્યા/અનામત બેઠકો સહિત નક્કી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતા ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તિત થતી હોય તો, તેના ઉત્તરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજા ક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોની વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસતી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નક્કી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭ માં થયેલ સુધારાની જોગવાઈ અને રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

૧૧. જાહેરનામા અન્વયે ૧ (એક) બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. આ વર્ગની સ્ત્રીઓ માટે કોઈ બેઠક અનામત રાખવામાં આવેલ નથી.

૧૨. સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ વોર્ડને ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

| **અ.નં.** | **વોર્ડ નંબર** | **વોર્ડની વસતી** | **અનુસૂચિત જાતિની કુલ વસતી** | **વોર્ડની વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી** | **અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક** |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | ૩ | ૪૬૬૦ | ૩૩૯ | ૭.૨૭ | **૧** |
| ૨ | ૧ | ૪૭૬૮ | ૨૨૦ | ૪.૬૧ | **૨** |
| ૩ | ૪ | ૫૦૬૦ | ૨૨૯ | ૪.૫૩ | **૩** |
| ૪ | ૬ | ૪૪૦૯ | ૧૫૩ | ૩.૪૭ | **૪** |
| ૫ | ૭ | ૪૭૮૬ | ૧૫૫ | ૩.૨૪ | **૫** |
| ૬ | ૫ | ૫૩૦૧ | ૧૫૭ | ૨.૯૬ | **૬** |
| ૭ | ૨ | ૫૩૦૭ | ૪૪ | ૦.૮૩ | **૭** |
| **કુલ** | | **૩૪૨૯૧** | **૧૨૯૭** | | |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઊંચી ટકાવારીના ઉત્તરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં. ૩ માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકો ફાળવવાની થાય. જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ સ્ત્રી માટે કોઇ બેઠક અનામત રાખેલ ના હોઇ અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક ફાળવણી કરવાની થતી નથી.

**અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો**

| **અ.નં.** | **ખાસ ક્રમાંક** | **વોર્ડ નંબર** | **ફાળવેલ બેઠક** |
|---|---|---|---|
| ૧ | ૧ | ૩ | અનુસૂચિત જાતિ |

૧૪. સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમે ગોઠવવામાં આવે તો અનુસૂચિત આદિજાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતી | અનુસૂચિત આદિજાતિની કુલ વસતી | વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી | અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | ૫ | ૫૩૦૧ | ૮૬૧ | ૧૬.૨૪ | **૧** |
| ૨ | ૧ | ૪૭૬૮ | ૫૩૩ | ૧૧.૧૮ | **૨** |
| ૩ | ૬ | ૪૪૦૯ | ૩૫૪ | ૮.૦૩ | **૩** |
| ૪ | ૨ | ૫૩૦૭ | ૯૭ | ૧.૮૩ | **૪** |
| ૫ | ૩ | ૪૬૬૦ | ૧૩ | ૦.૨૮ | **૫** |
| ૬ | ૪ | ૫૦૬૦ | ૦ | ૦.૦૦ | - |
| ૭ | ૭ | ૪૭૮૬ | ૦ | ૦.૦૦ | - |
| **કુલ** | | **૩૪૨૯૧** | **૧૮૫૮** | | |

૧૫. આમ, અનુસૂચિત આદિજાતિની વસતીની ઊંચી ટકાવારીના ઉત્તરતા ક્રમ મુજબ ખાસ ક્રમાંક ૧ વોર્ડ નં. ૫ માં નિયમોના નિયમ-૬ હેઠળ અનુસૂચિત આદિજાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય. જાહેરનામા મુજબ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે કોઇ બેઠક અનામત રાખેલ ના હોઇ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે બેઠક ફાળવણી કરવાની થતી નથી.

**અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૫ | અનુસૂચિત આદિજાતિ |

૧૬. જાહેરનામા અન્વયે ૮(આઠ) બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ (ચાર) બેઠકો આ વર્ગની સ્ત્રીઓ માટે અનામત નિર્ધારીત થયેલ છે. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડો ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉત્તરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડો મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. શહેરા નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોની વસતી પછાતવર્ગની અંદાજીત વસતી અને તેની ટકાવારી ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો પછાતવર્ગો માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતી | પછાતવર્ગની કુલ અંદાજીત વસતી | વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી | પછાતવર્ગમાટે નક્કી થતો ખાસ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | ૨ | ૫૩૦૭ | ૫૦૬૯ | ૯૫.૫૨ | ૧ |
| ૨ | ૭ | ૪૭૮૬ | ૪૫૭૦ | ૯૫.૪૯ | ૨ |
| ૩ | ૪ | ૫૦૬૦ | ૪૭૪૫ | ૯૩.૭૭ | ૩ |
| ૪ | ૩ | ૪૬૬૦ | ૪૨૩૦ | ૯૦.૭૭ | ૪ |
| ૫ | ૬ | ૪૪૦૯ | ૩૭૯૦ | ૮૫.૯૬ | ૫ |
| ૬ | ૧ | ૪૭૬૮ | ૩૭૫૮ | ૭૮.૮૨ | ૬ |
| ૭ | ૫ | ૫૩૦૧ | ૪૧૦૮ | ૭૭.૪૯ | ૭ |
| **કુલ** | | **૩૪૨૯૧** | **૩૦૨૭૦** | | |

૧૮. વર્ષ-૨૦૧૬ અને ૨૦૨૧ માં પછાતવર્ગના ખાસ ક્રમાંક ૧, ૨ વોર્ડ નં. ૬, ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવામાં આવેલ હતી. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯-૦૯-૨૦૨૫ના આદેશની જોગવાઈ મુજબ નવા બનેલા સૂચિત વોર્ડ મહદ્અંશે સરખા વિસ્તારના જ હોય તો અનામત બેઠકોની ફાળવણી સમયે પુનરાવર્તન ના થાય તે મુજબ રોટેશન કરવાનું રહે છે. જેથી ખાસ ક્રમાંક ૧, ૨ ૩, ૪, ૫, ૬ , ૭ અને ૧ અનુક્રમે વોર્ડ નં. ૨, ૭, ૪, ૩, ૬, ૧, ૫ અને ૨ માં પછાતવર્ગની બેઠકો ફાળવવાની થાય છે. જે પૈકી શક્ય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતા વોર્ડ નં. ૭, ૩, ૧ અને ૨ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | પછાતવર્ગ |
| ૨ | ૨ | ૭ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૩ | ૪ | પછાતવર્ગ |
| ૪ | ૪ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૫ | ૫ | ૬ | પછાતવર્ગ |
| ૬ | ૬ | ૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ૭ | ૫ | પછાતવર્ગ |
| ૮ | ૧ | ૨ | પછાતવર્ગ સ્ત્રી |

૧૯. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉક્ત બેઠક મુજબ બેઠક ફાળવણી કરતાં, સૂચિત વોર્ડ નં. ૭માં જૂના વોર્ડ નં. ૬નો મહદઅંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થાય છે. સૂચિત વોર્ડ નં. ૪માં જૂના વોર્ડ નં. ૩નો મહદઅંશે વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં થાય છે. જેથી બેઠક ફાળવણી કરતી વખતે પ્રથમ રાઉન્ડમાં સામાન્ય ક્રમાંક- ૨ અને ૩ અનુક્રમે વોર્ડ નં. ૭ અને ૪ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થતી નથી. આયોગના તા.૧૧/૧૨/૧૪ના માપદંડો તેમજ બેઠક ફાળવણીના માર્ગદર્શક સિદ્ધાંતોનો આધાર લઇ ચડ-ઉત્તર કરી પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે મુજબ સામાન્ય ક્રમાંક- ૭, વોર્ડ નં. ૫ તથા સામાન્ય ક્રમાંક- ૧, વોર્ડ નં. ૨ માં અનુક્રમે પછાત વર્ગ, પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય, પરંતુ વોર્ડ નં. ૫માં અનુસૂચિત આદિજાતિની બેઠક તથા વોર્ડ નં. ૨ માં પછાત વર્ગની બેઠક આગાઉથી ફાળવેલ હોઇ, ઉક્ત બન્ને વોર્ડમાં પછાત વર્ગ સ્ત્રીની બેઠકો ફાળવીએ, વોર્ડનં. ૭ તથા વોર્ડ નં.૪ માં હવે પછાતવર્ગની બેઠકો ફાળવવાની રહેતી હોવાથી, બન્ને વોર્ડમાં પછાત વર્ગની બેઠકો ફાળવીએ.

રાજ્ય ચૂંટણી આયોગના તા. ૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાતવર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

**પછાતવર્ગને ફાળવેલ બેઠકો**

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | પછાતવર્ગ |
| ૨ | ૪ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૫ | ૬ | પછાતવર્ગ |
| ૪ | ૬ | ૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૫ | ૭ | ૫ | પછાતવર્ગ સ્ત્રી |
| ૬ | ૧ | ૨ | પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ૨ | ૭ | પછાતવર્ગ |
| ૮ | ૩ | ૪ | પછાતવર્ગ |

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠકો અને બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને શહેરા નગરપાલિકા માટે આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન - વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી નિર્ધારીત કરવામાં આવે છે અને આથી જાહેર જનતાની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સૂચનો કરવાનાં હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી દસ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આવા સૂચનની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, પંચમહાલને પણ મોકલી આપવાની રહેશે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ શહેરા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ આદેશ આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલા માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી વિચાર-વિનિમય કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-નપા-શહેરા-યુનિટ-૮-૨૦૨૫ તા.૨૨/૧૨/૨૦૨૫નું સાંધણ**

**અનુસૂચિ-૧**

**શહેરા નગરપાલિકા, જિલ્લો પંચમહાલ - નમૂના નં. ૮**

**સૂચિત વોર્ડ નં. ૧**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતી | અ.જ.જા.વ સતી | કુલવસ તી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧ | ૮૪ | ૭૫ | ૬ | ૫૬૨ | ૧-૧૦૦ | વાંટા વછોડા |
| | ૮૫ | - | - | ૬૭૨ | ૧-૧૨૧ | |
| | ૮૬ | - | - | ૬૨૪ | ૧-૧૫૧ | |
| | ૨ | ૩૪ | - | ૭૦૦ | ૧-૧૫૦ | ગ્રીનપાર્ક સોસાયટી, શાંતાકુંજ સોસાયટી |
| | ૧૨૮ | ૧૧૧ | - | ૬૯૪ | ૧-૧૪૭ | આંટા ફળીયુ પાલીંખંડા, નિશાળ ફળીયુ પાલીંખંડા, ખાંટ ફળીયુ પાલીંખંડા, પટેલ ફળીયુ પાલીંખંડા, વણકર ફળીયુ પાલીંખંડા, બારીઆ ફળીયુ પાલીંખંડા, નાયક ફળીયુ પાલીંખંડા, પગી તળાવ ફળીયુ પાલીંખંડા, ભુરા રણછોડનું ફળીયુ પાલીંખંડા, પગી ફળીયુ પાલીંખંડા, ભગત ફળીયુ પાલીંખંડા, મંદિર ફળીયુ પાલીંખંડા, બીડ ફળીયુ પાલીંખંડા |
| | ૧૨૯ | - | ૨૦૦ | ૬૫૮ | ૧-૧૨૧ | |
| | ૧૩૦ | - | ૩૨૭ | ૮૫૮ | ૧-૧૫૦ | |
| | **કુલ** | **૨૨૦** | **૫૩૩** | **૪૭૬૮** | | |

**વોર્ડ નં. ૧ની હદ નું વર્ણન :-** વાયવ્ય ખુણાથી આવેલ સર્વે નં.૨૪૩, ૨૪૫, ૨૪૬, ૨૪૭ હદે હદે તળાવને અડીને આવેલ સર્વે નં.૨.૩ની હદે હદે આવેલ સર્વે નં.૪, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૮, ૨૫, ૨૬, ૩૦, ૩૨ થી ૩૫, ૩૯, ૪૪, થી ૪૮ તેના પુર્વ-દક્ષિણ દિશા તરફના સર્વે ૪૯ હદે હદે સર્વે નં ૭, ૫, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪, ૧૭ થઈ વોર્ડ નં ૩ ને અડીને આવેલ દક્ષિણ દિશા બાજુના સર્વે નં ૧૮ થઈ દક્ષિણ -ઉત્તર તરફ હદે હદે પુર્વ-પશ્ચિમ દિશા તરફ સર્વે નં.૨૫, ૨૬ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં.૨૭ થઈ પશ્ચિમ દિશા તરફ હદે જતાં નદીને આવરી લઈ દક્ષિણ દિશા તરફ આવતાં સર્વે નં ૧૩૪ રોડને અડીને આવેલ સર્વે નં ૧૩૧, ૧૩૦, ગ્રીન પાર્ક સોસાયટી વિસ્તારને આવરી લઈ વોર્ડ નં.૪ ને અડીને આવેલ સર્વે નં.૧૨૯, ૧૨૮, રોડને અડીને આવેલ સર્વે નં.૧૨૭ થઈ દક્ષિણ-નૈઋત્ય દિશા તરફ હદે હદે વોર્ડ નં ૫ ને અડીને આવેલ સર્વે નં ૧૧૯/p, ૧૨૦, રોડને અડીને આવેલ સર્વે નં ૧૧૯/p, રોડની બાજમાં આવેલ સર્વે નં.૭૨, ૭૧, ૭૩, ૭૫, ૭૬, ૭૯, ૮૦, થઈ પશ્ચિમ દિશા તરફ જતાં સર્વે નં.૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૧૦૨, ૧૬૦, ૧૬૯ થઈ પશ્ચિમ દિશા તરફ જતાં સર્વે નં ૧૫૫, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૯, ૧૯૦ થી પશ્ચિમ-ઉત્તર દિશા તરફ જતાં સર્વે નં.૨૦૭, ૨૦૮, ૨૩૯, ૨૪૦, ૨૪૨, ૨૪૩ સુધીની હદે આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## સૂચિત વોર્ડ નં. ૨

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા.વસતી | અ.જ.જા.વસતી | કુલ વસતી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૨ | ૧૩૬ | ૨૪ | - | ૭૧૭ | ૧-૧૨૪ | લાભી |
| | ૧૩૭/૧ | - | - | ૭૯૧ | ૧-૧૨૮ | લાભી |
| | ૧૩૭/૨ | - | - | ૧૪૫ | ૧-૨૭ | લાભી |
| | ૧૩૮ | - | - | ૬૫૩ | ૧-૧૧૩ | લાભી |
| | ૧૩૩ | ૨૦ | ૯૭ | ૬૬૭ | ૧-૧૧૯ | ભદ્રાલા |
| | ૧૩૪ | - | - | ૫૪૫ | ૧-૧૧૨ | ભદ્રાલા |
| | ૧૩૫ | - | - | ૮૩૯ | ૧-૧૮૨ | ભદ્રાલા |
| | ૮૨ | - | - | ૩૨૨ | ૧-૫૩ | હાંસેલાવ |
| | ૮૩ | - | - | ૬૨૮ | ૧-૧૧૫ | હાંસેલાવ |
| | **કુલ** | **૪૪** | **૯૭** | **૫૩૦૭** | | |

**વોર્ડનં. ૨ની હદનું વર્ણન:-** વાયવ્ય ખુણાથી આવેલ સર્વે નં.૧૮, ૧૯, ૨૩ ને તળાવના સર્વે નં ૨૪ ની હદે હદે ઉતર-પુર્વ દિશા તરફના સર્વે નં.૨૫, ૨૮, ૩૧, ૬૦, ૫૯, ૫૬ ને અડીને આવેલ સર્વે નં ૪૩ની હદે હદે સર્વે નં ૫૩ થઈ દક્ષિણ દિશા તરફ જતાં હદે-હદે સર્વે નં.૩૮, ૩૭, ૨૯, ૩૦ ને હદે હદે આગળ પશ્ચિમ દિશા તરફ જતાં સર્વે નં ૨૯ ના હદે હદે આવેલ રોડ અડીને હદે હદે નૈત્રક્ષ્ત્ય દિશા તરફ જતાં સર્વે નં ૧૩૪ ને અડીને આવેલ ગામતળ ની હદે હદે આગળ જતાં વોર્ડ નં ૩ ને અડીને આવેલ દક્ષિણ-પશ્ચિમ દિશા તરફે જતાં સર્વે નં ૨, ૩, ૧૩૧, ૧૧૬, ૧૧૭, ને અડીને આવેલ કોતર તરફ હદે હદે જતા ભદ્રાલાના સર્વે નં ૧૦૮, ૧૦૭, ૧૦૪, ૧૦૩ ની હદે હદે પશ્ચિમ દિશા બાજુ જતાં હાંસેલાવના સર્વે નં ૧૧, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૫, ૧૭, ૧૮ સુધીની હદે આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

## સૂચિત વોર્ડ નં. ૩

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા.વસતી | અ.જ.જા.વસતી | કુલ વસતી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૩ | **૧** | **૨૬૫** | - | **૭૪૬** | **૧-૨૨૨** | રોહિતવાસ, બારીઆ (પગી) ફળીયુ, પંચવટી સોસાયટી, મરડેશ્વર રોડ વિસ્તાર, હિન્દુ સોસાયટી, મારૂતિ સોસાયટી, ઢોલી રેલ્વે ફળીયુ, લખારા ફળીયું, ગાયત્રી સોસાયટી, જી.ઈ.બી ઓફીસ વિસ્તાર, ગુરૂનાનક સોસાયટી, |
| | ૨૫ | - | ૬ | ૩૨૮ | ૧-૧૯૮ | |
| | ૫ | - | ૪ | ૭૩૨ | ૧-૨૨૮ | તળાવ ફળીયુ હાંસાપૂર, પગી ફળીયુ હાંસાપૂર, ડામોર ફળીયુ હાંસાપૂર, વણકર ફળીયુ હાંસાપૂર, પટેલ ફળીયુ હાંસાપૂર, માલીવાડો, અંધારી ભાગોળ, ભટ્ટવાડો, વ્યાસવાડો, વિરણવાડો, કુંભારવાડો, અવણા ફળીયું, પરવડી પાસેનો મહોલ્લો, માલીવાડો |
| | ૬ | - | ૩ | ૩૬૯ | ૧-૧૬૬ | |
| | ૭ | - | - | ૪૫૮ | ૧-૧૧૦ | |
| | ૮ | - | - | ૨૬૦ | ૧-૧૨૦ | |
| | ૧૯ | - | - | ૬૬૫ | ૧-૯૬ | |
| | ૧૩૧ | - | - | ૩૮૩ | ૧-૮૦ | |
| | ૧૩૨ | ૭૪ | - | ૭૧૯ | ૧-૧૧૮ | |
| | **કુલ** | **૩૩૯** | **૧૩** | **૪૬૬૦** | | |

**વોર્ડનં. ૩ની હદનું વર્ણન:-** વાયવ્ય ખુણાથી આવેલ સર્વે નં ૨૭, ૨૬, ૧૭, ૧૬ ને અડીને આવેલ નદીની હદે હદે સર્વે નં ૧૪ ને અડીને આવેલ નદીની હદે હદે સર્વે નં ૭થી ઉતર-પુર્વ દિશા તરફ વોર્ડ નં ૨ ને વડીને આવેલ હાંસાપૂરના સર્વે નં ૭, ૬, ૪ થી વોર્ડ નં ૭ ને અડીને આવેલ ની હદે હદે દક્ષિણ દિશા તરફ આગળ જતાં સર્વે નં ૩૨ ની પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં ૩૧/p, ૨, ૩૧, ૩૦, ૬૦૫ ની હદે હદે દક્ષિણ દિશા તરફ આગળ જતાં સર્વે નં ૬૮૬/A પંચવટી ગાર્ડની હદે હદે સર્વે ૬૮૬/ B તળાવ નો તમામ વિસ્તાર તરફ આવરી લઈ દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ હદે હદે જતાં સર્વે નં ૧૧, ૪૬, ૪૨ ની હદે હદે વોર્ડ નં ૧ ને અડીને પશ્ચિમ દિશા તરફ જતાં સર્વે નં ૪૩, ૪૦, ૧૩૨, ૧૩૩, ૨૭ સુધીની હદે આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### સૂચિત વોર્ડ નં. ૪

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોક ના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતી | અ.જ.જા.વ સતી | કુલવસ તી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૪ | ૯ | - | - | ૫૧૯ | ૧-૧૫૮ | કોલીવાડ, બજાર, કુંભારવાડો ૧, કુંભારવાડો ૨, ઘાંચીવાડ, તળાવ મહોલ્લો, દેસાઈવાડો, હોળી ચકલા ઘાંચીવાડ |
| | ૧૪ | - | - | ૧૦૮૮ | ૧-૨૨૪ | |
| | ૧૫ | - | - | ૪૬૮ | ૧-૧૩૬ | |
| | ૧૭ | - | - | ૩૫૮ | ૧-૨૬૯ | |
| | ૧૮ | - | - | ૫૦૫ | ૧-૯૨ | |
| | ૨૦ | - | - | ૭૩૩ | ૧-૧૧૮ | વચલો મહોલ્લો, વચલો મહોલ્લો, વચલો મહોલ્લો, તાલુકા પંચાયત કચેરી, વાલ્મિકી વાસ, શેખજી ફળીયું, પોલીસ સ્ટેશન સામે વિસ્તાર કુવા ફળીયુ. |
| | ૨૧ | - | - | ૩૨૨ | ૧-૫૩ | |
| | ૨૯ | ૨૨૯ | - | ૧૦૬૭ | ૧-૧૮૨ | |
| | **કુલ** | **૨૨૯** | - | **૫૦૬૦** | | |

**વોર્ડનં. ૪ની હદનું વર્ણન:-** વાયવ્ય ખુણાથી આવેલ સર્વે નં ૫૧ હદે હદે ઉતર દિશા તરફ લખારા સોસાયટી વિસ્તાની હદે હદે આગળ જતાં સર્વે નં.૪૭ પુર્વ દિશા તરફ વોર્ડ નં ૩ ને અડીને આવેલ સર્વે નં.૩થી હદે હદે આગળ જતાં બજાર વિસ્તાર સુધી હદે હદે પુર્વ દિશા તરફ આગળ જતાં મહાલક્ષ્મી મંદીર વિસ્તારની હદે હદે આગળ જતાં નગીના મસ્જીદ વિસ્તારની હદે હદે વોર્ડ નં ૭ ને અડીને આવેલ દક્ષિણ દિશા તરફ આગળ જતાં તળાવ મહોલ્લાની હદે હદે આગળ જતાં નગરપાલિકા કચેરીની હદે હદે આગળ જતાં સર્વે નં ૪૭૧, ૪૭૦ ની હદે હદે દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ રોડની અડીને ફોરેસ્ટ ઓફીસ ની હદે હદે સ્ટેટ હાઈવે ને અડીને આવેલ મામલતદાર ઓફીસની હદે હદે સર્વે નં ૨૬૬ થી આગળ જતાં વોર્ડ નં ૫ ને અડીને આવેલ સર્વે નં ૨૬૨ ની હદે હદે દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ આગળ જતાં એસ.જે.દવે હાઈસ્કુલની હદે હદે સ્ટેટ હાઈવે થી પશ્ચિમ ઉતર દિશા તરફ આગળ જતાં આંગણવાડી વિસ્તાર સુધીની હદે આવેલ સર્વે નં.૫૧ સુધીની આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

### સૂચિત વોર્ડ નં. ૫

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોક ના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતી | અ.જ.જા.વ સતી | કુલવસ તી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૫ | ૮૭ | - | ૫૦૯ | ૬૧૫ | ૧-૧૦૧ | મીઠાપૂર |
| | ૮૮ | ૧૪૧ | - | ૫૨૮ | ૧-૧૦૬ | |
| | ૧૨૭ | - | ૩૩૩ | ૭૪૭ | ૧-૧૫૫ | ખરેડીયા |
| | ૩ | - | - | ૭૧૧ | ૧-૨૧૫ | સિંધી સોસા.૧, સિંધી સો.૨, વૈધનાથ ભાગોળ, કાંકરી ફળીયુ, શિવમ સોસાયટી, રેલ્વે સ્ટેશન વિસ્તાર, સોલંકી ફળીયું, પરમાર ફળીયું, આંકેડીયા, વાટા ફળીયું, , લુહાર ફળિયું, સ્ટેશન રોડ. |
| | ૪ | ૯ | ૧૧ | ૪૬૫ | ૧-૧૩૫ | |
| | ૧૬ | - | - | ૭૧૧ | ૧-૧૨૦ | |
| | ૨૩ | ૭ | - | ૧૦૩૨ | ૧-૧૮૦ | |
| | ૩૦ | - | ૮ | ૪૯૨ | ૧-૧૩૬ | |
| | **કુલ** | **૧૫૭** | **૮૬૧** | **૫૩૦૧** | | |

**વોર્ડનં. ૫ની હદનું વર્ણન**:- વાયવ્ય ખુણાથી આવેલ સર્વે નં ૧૩ ની હદ ને અડીને આવેલ સર્વે નં ૧૪, ૨૪ ને અડીને આવેલ સર્વે નં ૪૭ ની હદે હદે આગળ જતાં નદીના કિનારે કિનારે પુર્વ દિશા બાજુ આગળ જતાં સર્વે નં ૧૫૪, ૧૪૯, ૧૪૬ થી દક્ષિણ દિશા તરફ જતાં સર્વે નં.૧૨૦, ૧૨૪, ૧૨૬ થી વોર્ડ નં ૪ ની હદને અડીને આગળ જતાં સર્વે નં ૫૪, ૫૮, ૬૨, ૬૩, ૯૬/A, ૨૬૨ થઈ વોર્ડ નં ૬ ની હદે અડીને આવેલ દુધલાઈ તળાવ થી સાડી સમડી તરફ આગળ જતાં સર્વે નં ૨૮૦ થી દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ આગળ જતાં સર્વે નં.૨૪૫, ૨૫૦, ૨૫૧, ૨૩૩, ૨૩૨, ૨૩૧, ૨૩૦, ૨૨૮, ૧૭૮, ૧૭૩ થી ખાડીને હદે આવેલ સર્વે નં.૧૬-૧૧, થી પશ્ચિમ દિશા તરફ આગળ જતાં સર્વે નં ૫, ૪, ૩, ૧, ૪૮, ૧૩ સુધીની હદે આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**સૂચિત વોર્ડ નં. ૬**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતી | અ.જ.જા.વ સતી | કુલવસ તી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૬ | ૨૧૦ | - | ૩૫૦ | ૮૧૦ | ૧-૧૫૩ | વરીયાલ |
| | ૨૧૧ | - | - | ૩૭૧ | ૧-૮૫ | |
| | ૨૦૭ | - | - | ૪૪૧ | ૧-૭૯ | ઝોઝ |
| | ૨૦૮ | ૧૩૬ | - | ૫૨૬ | ૧-૧૨૭ | |
| | ૨૦૯ | - | - | ૬૦૧ | ૧-૧૩૫ | |
| | ૨૨ | - | - | ૭૭૨ | ૧-૧૪૨ | સાડીસમડી ફળીયુ, વચ્છેસર વિસ્તાર, દુધળાઈ તળાવ વિસ્તાર |
| | ૨૪ | ૧૭ | ૪ | ૮૮૮ | ૧-૧૬૯ | |
| | **કુલ** | **૧૫૩** | **૩૫૪** | **૪૪૦૯** | | |

**વોર્ડનં. ૬ની હદનું વર્ણન** :- વાયવ્ય ખુણાથી આવેલ જંગલ વિસ્તારના સર્વે નં.૧૮૭, ૧૮૮, ૧૮૬, ૧૯૭, ૧૯૮, ૨૦૨, ૨૦૩ થી હદે હદે પુર્વ દિશા તરફ હતા સર્વે નં.૨૦૧, ૩૦૫, ૩૬૭, ૩૬૮, ૩૭૦, ૨૮૯, ૨૮૮, ૨૮૦ પૈકી, ૨૭૯થી ઉત્તર -પુર્વ દિશા તરફ આગળ જતા સર્વે નં.૪૨૦, ૪૨૧, ૪૨૯ થી દક્ષિણ દિશા તરફ આગળ જતાં ૪૩૦, ૪૩૬, ૪૩૭, ૪૪૬થી દક્ષિણ -પુર્વ દિશા તરફ જતા સવે નં.૨૦, ૧૨, ૧૧, ૮, ૭, થઈ રોડની દક્ષિણ દિશા તરફ આગળ જતા ૧૨૦, ૧૧૯, ૧૧૨ થી કોતરની હદે હદે સર્વે નં ૧૪૩ થઈ પશ્ચિમ દિશા તરફ કોતરની હદે હદે દક્ષિણ દિશા તરફ સર્વે નં ૮૩, ૮૧, ૧૬૧, ૮૦, ૭૯, ૭૮ (તળાવ) ૭૭, રોડની બાજુના સર્વે નં ૭૬ થી દક્ષિણ- પશ્ચિમ તરફના જગલ વિસ્તારના સર્વે નં.૭૨, ૧૭૯ને અડીને આવેલ સર્વે નં.૧૮૭ સુધીની હદે આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**સૂચિત વોર્ડ નં. ૭**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નં. ની વિગત | | | | સેન્સસનાબ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકનાવિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસતી | અ.જ.જા.વ સતી | કુલવસ તી | | |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૭ | ૧૦ | - | - | ૬૮૮ | ૧-૧૫૯ | સોંપા ફળીયું સલામપુરા, નિશાળ ફળીયું સલામપુરા, હોળીચકલા ફળીયું સલામપુરા, ભદ્રાલા સિમાડા ફળીયું સલામપુરા, જમાદાર ફળીયું સલામપુરા, સેંપલી ફળીયું સલામપુરા, બસ સ્ટેન્ડ ફળીયું સલામપુરા, નવાણિયા ફળીયું સલામપુરા, ગાયત્રી મંદીર ફળીયું સલામપુરા, સોલંકી ફળીયું સલામપુરા, તોરણ ફળીયુ ઢાકલીયા, તળાવ ફળીયુ ઢાકલીયા, જોખ ફળીયુ ઢાકલીયા, લાઢણીયા ફળીયું, નિશાળ ફળીયુ પટીઆ, વણકર ફળીયુ પટીઆ, પગી ફળીયુ પટીઆ, પટેલ ફળીયુ પટીઆ, સરકારી દવાખાનું, પઠાણ ફળીયુ પશુ દવાખાના પાસેનો વિસ્તાર. |
| | ૧૧ | - | - | ૭૪૩ | ૧-૧૩૬ | |
| | ૧૨ | ૭૮ | - | ૪૦૯ | ૧-૭૮ | |
| | ૧૩ | - | - | ૩૨૪ | ૧-૫૪ | |
| | ૨૬ | ૭૭ | - | ૫૮૮ | ૧-૧૦૮ | |
| | ૨૭ | - | - | ૯૩૦ | ૧-૧૭૦ | |
| | ૨૮ | - | - | ૧૧૦૪ | ૧-૧૭૪ | |
| | **કુલ** | **૧૫૫** | - | **૪૭૮૬** | | |

**વોર્ડનં. ૭ની હદનું વર્ણન :-** વાયવ્ય ખુણાથી આવેલ સર્વે નં.૬૮૩, ૬૮૪, થીપશ્ચિમ-પુર્વ દિશા તરફ હદે હદે આવેલ સર્વે નં.૬૭૯, ૬૭૮, ૬૭૦, ૬૭૦/p થી ઉત્તર દિશા તરફ ૬૫૩, ૬૫૨ની હદેને અડીને આવેલ સર્વે નં.૬૪૯, ૬૪૧, ૬૪૦, ૬૨૨, ૬૨૦ને અડીને પુર્વ-દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નં ૬૧૯, ૬૧૮, ૬૧૭, ૬૧૬, ૬૧૫, ૬૦૭ને અડીને આવેલ સર્વે નં ૫૩૬ થી દક્ષિણ દિશા તરફ આગળ જતાં આવેલ સર્વે નં.૫૨૯, ૫૨૬, ૫૨૭, ૫૨૫, ૫૨૪, ૫૨૧, ૫૨૦થી દક્ષિણ- પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં ૪૪૮, ૪૪૭, ૪૫૧, ૪૫૨, ૪૫૬, ૪૫૭, ૪૬૦, ૪૬૧, ૪૨૯ પૈકી, ૪૬૮, ૪૭૪, ૫૭૯, ૫૮૧, ૫૮૨, ૫૮૩, ૫૮૬, ૫૮૪, ૫૮૮ , ૫૯૪, ૫૯૫, ૬૮૨, ૬૮૬ પૈકીને હદને અડીને આવેલ સર્વે નં.૬૮૩ સુધીની હદે આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-શહેરા-યુનિટ-૮-૨૦૨૫ તા. ૨૨/૧૨/૨૦૨૫ નું સાંધણ**

**અનુસૂચિ-૨**

| | | | |
|---|---|---|---|
| શહેરા નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૩૪૨૯૧ | | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૪૮૯૮ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : | ૫૩૮૮ |
| | | સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : | ૪૪૦૮ |
| બેઠકોની સંખ્યા | ૨૮ | | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | (અ.જાતિ, અનુ.આદિજાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત) | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી ૦ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી | |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી ૦ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી | |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૮ | તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી | |
| કુલ અનામત બેઠકો | ૨૦ | | |
| સામાન્ય બેઠકો | ૮ | | |

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૭૬૮ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૨ | ૨ | ૫૩૦૭ | પછાતવર્ગ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૩ | ૩ | ૪૬૬૦ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૪ | ૪ | ૫૦૬૦ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૫ | ૫ | ૫૩૦૧ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૬ | ૬ | ૪૪૦૯ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૪૭૮૬ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| | **કુલ** | **૩૪૨૯૧** | | | | |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.12.29 09:56:23 IST